# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: વિરલ રાણા

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૧૯-૦૬-૨૦૨૪ બુધવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## સી.એમ.કે. બેઠક-શિક્ષક ભરતી:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં થયેલી ચર્ચા સંદર્ભે પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે , રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી અને ગ્રાન્ટ-ઈન-એડ શાળાઓમાં આગામી ત્રણ મહિનામાં 7,500 જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરાશે.

રાજ્યની ગ્રાન્ટ-ઈન-એડ શાળાઓમાં TAT-Secondary અને TAT-Higher Secondary પાસ ઉમેદવારોની યોગ્યતાના આધારે કસોટી પ્રમાણે કાયમી ભરતી કરાશે. તેમણે વધુમાં કહ્યું કે, TET-1 અને TET-2 ઉમેદવારોની પણ ભરતી પ્રક્રિયા ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## પ્લસ પોલીયો કાર્યક્રમ:

કચ્છ જિલ્લામાં પોલીયો રવિવાર સઘન પલ્સ- પોલીયો કાર્યક્રમ અંતર્ગત આગામી તા. ૨૩ જૂનના પોલીયો રાઉન્ડની ઉજવણી કરવામાં આવશે. જિલ્લાના ૫ વર્ષ સુધીના અંદાજિત ૩લાખ ૧૭ હજાર ૮૨ બાળકોને આ કાર્યક્રમમાં આવરી લેવામાં આવશે. જે માટે જિલ્લાr આરોગ્યપ શાખા તરફથી ૧ હજાર ૩૮૪ પોલીયો બૂથનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉપરાંત હાઈવે, બસ સ્ટે શન, રેલવે સ્ટે શનખાતે ૭૫ ટ્રાંઝીસ્ટ પોલીયો બૂથ તેમજ ૨૭૬૮ ટીમ આ સાથે ૧૮૭ મોબાઈલ ટીમ રાખવામાં આવી છે.તાલુકાની આરોગ્ય ટીમ દ્વારા આગામી ૨૪ અને ૨૫ જુનના ડોર ટુ ડોર રસીકરણ કામગીરી કરવામાં આવશે.

૫ વર્ષ સુધી ના બાળકોને નજીકના પોલીયો બુથ પર પોલીયોના ૨ ટીપા અવશ્યી પીવડાવવા બાળકોના વાલીઓને મુખ્યજિલ્લાુ આરોગ્યો અધિકારી દ્વારા અપીલકરાઈ છે.

- (માહિતી ખાતુ, ભુજ)

---

## બેસ્ટ ખેડૂત એવોર્ડ:

તાજેતરમાં પ્રાકૃતિક ખેતીમાં ઉત્તમ કામગીરી કરતા રાજયના ૧૧ ખેડૂતોને ધી ગુજરાત સ્ટેટ કો- ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લી. દ્વારા બેસ્ટ ફાર્મરના એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. જેમાં કચ્છના મહિલા ખેડૂત જૂલીબેન ભાવેશ માવાણીનો પણ સમાવેશ થયો છે. રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રત તથા વિધાનસભા અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે અમદાવાદ ખાતે તેમનું ખાસ એવોર્ડ સાથે ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.

- (માહિતી ખાતુ, ભુજ)

---

## પ્રાકૃતિક ખેતી-અપીલ:

કચ્છમાં વધતા જતાં પ્રાકૃતિક ખેતીના વ્યાપ વચ્ચે મહિલા કિસાનો પણ આ અભિયાનમાં જોડાઇ રહી છે. અન્ય ક્ષેત્રોની જેમ ખેતીના ક્ષેત્રમાં ખાસ કરીને પ્રાકૃતિક ખેતી કરવાની પહેલમાં મોખરે છે. મુંદરા તાલુકાના મંગરા ગામના ગીતાબેન જેઠવા એ પ્રાકૃતિક ખેતીમાં સફળતા મેળવી છે. તેમણે અન્ય ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી કરવા અપીલ કરી હતી.

(બાઇટ : ગીતાબેન જેઠવા)

- (પરેશ મારુ)

---

## કચ્છ ખરીફ પાક વાવેતર:

કચ્છમાં ખેડૂતો દ્વારા મોટા ભાગે અષાઢી બીજથી વાવેતરનો પ્રારંભ કરવામાં આવતો હોય છે. જે ખેડુતો પાસે પિયતની વ્યવસ્થા છે તે ખેડુતો એ વાવેતર શરૂ કરી દીધું છે.જીલ્લામાં અત્યાર સુધીમાં 21 હજાર 323 હેકટરમાં વાવેતર થયું હોવાના અહેવાલ છે.

હાલ ખેડૂતો દ્વારા ખરીફ પાકોમાં મુખ્યત્વે તુવેર , મગફળી, કપાસ, ગુવાર, શાકભાજી અને ઘાસચારાનું વાવેતર થયું છે. પાકમાં સૌથી વધુ વાવેતર કપાસનું 16 હજાર 993 હેકટરમાં થયું છે. તો, વાવેતરની દ્રષ્ટિએ અબડાસા તાલુકામાં સૌથી વધુ 7800 હેકટરમાં વાવેતર કરાયું છે.

- (પરેશ મારુ)

---

## પાકિસ્તાની ઘુસણખોર, માદક પદાર્થ જપ્ત:

કચ્છમાં સીમા સુરક્ષા દળે વિઘાકોટ પાસેથી એક પાકિસ્તાની ઘૂસણખોરને ઝડપી પાડ્યો હતો. સીમા સુરક્ષા દળ ના જવાનો પેટ્રોલીંગ પર હતા તે દરમિયાન સરહદ માં ઘૂસણખોરી

કરતા પાકિસ્તાની શખ્સને પકડી પાડ્યો હતો. હાલમાં આ પાકિસ્તાની ઘૂસણખોરની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

તો, બીજી તરફ કચ્છની દરિયાઇ સીમામાંથી માદક પદાર્થનો જથ્થો મળી આવવાનો સિલસિલો યથાવત રહ્યો હતો. બીએસએફ દ્વારા સર્ચ ઓપરેશનમાં જખૌ કોસ્ટ વિસ્તારથી માદક પદાર્થના 19 પેકેટ જપ્ત કરાયા હતા.

- (RNU અમદાવાદ અને વિરલ રાણા)

---

હવામાન:

કચ્છમાં છેલ્લા ચારેક દિવસથી પ્રી-મોન્સૂન ગતિવિધિના કારણે ક્યાંક વાદળછાયા વાતાવરણ સાથે બફારો અનુભવાઇ રહ્યો છે. આવનારા બે ત્રણ દિવસોમાં વરસાદની કોઇપણ પ્રકારની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી નથી.

- (સ્થાનિક સમાચારપત્ર)

---